
## આસ્થા, એકતા અને આધ્યાત્મિકતા સાથે ગામની ધાર્મિક પરંપરા જાળવવામાં આવી છે




શ્રી સ્વામિનારાયણ મંદિર

બોરસદ તાલુકાનું ગાજણા ગામ આસ્થા, આધ્યાત્મિકતા, સંસ્કૃતિ અને સામાજિક સમરસતાનું જીવંત પ્રતિક માનવામાં આવે છે. ગામ વર્ષોથી ધાર્મિક ભાવના, પરસ્પર પ્રેમ અને સહઅસ્તિત્વની પરંપરા જાળવી રાખી રહ્યું છે. અહીં વિવિધ સમાજ અને સંપ્રદાયના લોકો વસવાટ કરે છે, છતાં નાત-જાત કે વર્ણના કોઈપણ ભેદભાવ વગર સમગ્ર ગામ એક પરિવારની જેમ દરેક ધાર્મિક પ્રસંગોમાં સહભાગી બને છે. આ જ વિશેષતા ગાજણા ગામને સમગ્ર પંથકમાં આગવી ઓળખ અપાવે છે. ગામમાં આવેલા પ્રાચીન મંદિરો અને દેવસ્થાનો આજે પણ ગ્રામજનોની અતૂટ શ્રદ્ધાના કેન્દ્ર છે. ગામ ટોળાની હિંગળાજ માતાનું મંદિર, મહાકાળી માતાજીનું મંદિર, કષ્ટભંજન દેવ મંદિર, શ્રી ગૌતમેશ્વર મહાદેવ મંદિર, ગાગરેશ્વર મહાદેવ, બળીયાદેવ મહારાજ, રામજી મંદિર, ફુલબાઈ માતાનું મંદિર, કડવા બાવાજીનું મંદિર, શક્તિ માતાજીનું મંદિર, મહાકાળી માતાજીનું મંદિર જેવા ધર્મસ્થાનકો વર્ષોથી ધાર્મિક આસ્થાનું પ્રતિક બની રહ્યા છે. અહીં નિયમિત રીતે પૂજા-અર્ચના, ભજન-કીર્તન, સત્સંગ અને ધાર્મિક કાર્યક્રમો યોજાતા રહે છે. વર્ષ દરમિયાન આવતાં વિવિધ હિંદુ તહેવારો, ધાર્મિક પર્વો અને ઉત્સવોમાં સમગ્ર ગામ ઉમંગ અને ભક્તિભાવ સાથે જોડાય છે. મંદિર પરિસરોમાં ભક્તિમય વાતાવરણ સર્જાતું હોય છે, જે ગામની આધ્યાત્મિક ઓળખને વધુ મજબૂત બનાવે છે. ગાજણા ગામની ધાર્મિક ઓળખમાં સૌથી વિશેષ સ્થાન સાક્ષાત દેવી સ્વરૂપ હિંગળાજ માતાજીનું છે. સમગ્ર પંથકમાં આ સ્થાન અત્યંત ચમત્કારિક અને શ્રદ્ધાનું કેન્દ્ર માનવામાં આવે છે. ગ્રામજનો માતાજીને પોતાની કુળદેવી અને રક્ષક શક્તિ તરીકે પૂજે છે. ખાસ કરીને દર રવિવારે ગામ ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે આવે છે. અનેક લોકો પોતાની માનતા પૂર્ણ કરવા માતાજીના


શ્રી ક્ષેમકલ્યાણી માતા મંદિર

ચરણોમાં માથું ટેકવે છે અને પ્રસાદ અર્પણ કરે છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ માતાજી પ્રત્યેની શ્રદ્ધા માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત નથી. દેશ-વિદેશમાં વસતા ગાજણા ગામના વતનીઓ તેમજ અન્ય ભાવિકો પણ માતાજી પ્રત્યે અતૂટ આસ્થા ધરાવે છે. તેઓ સમયાંતરે મંદિરના વિકાસ, ધાર્મિક કાર્યક્રમો અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે દાન-ફાળો મોકલી પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે. આજે પણ લોકોમાં એવી માન્યતા પ્રચલિત છે કે હિંગળાજ માતા ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરે છે અને સંકટ સમયે રક્ષણ આપે છે. ગાજણા ગામની નવરાત્રિ સમગ્ર પંથકમાં વિશેષ આકર્ષણનું


શ્રી કષ્ટભંજન દેવ મંદિર

કેન્દ્ર ગણાય છે. લોકમાન્યતા છે કે તાલુકામાં સૌથી ઉત્સાહભેર અને ભવ્ય રીતે ઉજવાતી નવરાત્રિઓમાં ગાજણા ગામનું સ્થાન અગ્રેસર છે. નવ દિવસ સુધી ગામમાં માતાજીની આરાધના, આરતી, ગરબા અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થાય છે. સમગ્ર ગામ રંગબેરંગી રોશની અને ભક્તિમય વાતાવરણથી ઝળહળી ઊઠે છે. નવરાત્રિના દિવસોમાં હજારો લોકો અહીં ગરબા નિહાળવા અને માતાજીના દર્શન કરવા આવે છે. ગામના યુવાનો, મહિલાઓ અને વડીલો સૌ મળીને આયોજનને સફળ બનાવે છે. ભક્તિ અને લોકસંસ્કૃતિનો આ સંગમ જલુંધ ગામની આગવી ઓળખ બની


શ્રી ગૌતમેશ્વર મહાદેવ મંદિર

ગયો છે. ગામની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં દરેક સંપ્રદાયના લોકો પોતાના ઇષ્ટદેવની નિયમિત આરાધના કરે છે અને સાથે સાથે અન્ય ધાર્મિક કાર્યક્રમોમાં પણ સહભાગી બને છે. આ પરસ્પર સન્માન, ધાર્મિક સહિષ્ણુતા અને સામાજિક સમરસતા ગામને એક અનોખી ઓળખ આપે છે. આસ્થા, સંસ્કૃતિ અને માનવ એકતાના મૂલ્યોને પેઢી દર પેઢી જીવંત રાખતું ગાજણા ગામ આજે પણ સમગ્ર પંથક માટે પ્રેરણારૂપ બન્યું છે. અહીંની ધાર્મિક પરંપરાઓ, લોકઆસ્થાના કેન્દ્રો અને સામૂહિક ભક્તિભાવ ગામના ગૌરવને સતત ઉજાગર કરી રહ્યા છે.


શ્રી ભાથીજી મહારાજ મંદિર



શ્રી સ્વામિનારાયણ મંદિર

(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)

## સંસ્કાર, સ્વચ્છતા અને ગુણવત્તાયુક્ત શિક્ષણનું પ્રેરણાધામ : ગાજણાની સરકારી પ્રાથમિક શાળા

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ગાજણા ગામની સરકારી ગુજરાતી પ્રાથમિક શાળા શિક્ષણની સાથે સંસ્કાર, સ્વચ્છતા અને સર્વાંગી વિકાસનું ઉત્તમ કેન્દ્ર બની છે. ગામના પાદરમાં આવેલી આ શાળામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળાના પ્રવેશદ્વારથી જ હરિયાળું, સ્વચ્છ અને વ્યવસ્થિત વાતાવરણ મુલાકાતીઓને આકર્ષે છે અને શિક્ષણ પ્રત્યેનો સકારાત્મક અભિગમ સ્પષ્ટપણે અનુભવી શકાય છે. શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. વિષય નિષ્ણાત અને અનુભવી શિક્ષકો સરળ, સર્જનાત્મક અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ પદ્ધતિ દ્વારા બાળકોમાં જ્ઞાન સાથે આત્મવિશ્વાસ અને જીવનમૂલ્યોનું સિંચન કરે છે. શાળામાં નિયમિત પ્રાર્થના, સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ, રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓની પ્રતિભાને ખીલવવાનો સતત પ્રયાસ કરવામાં આવે છે. મધ્યાહન ભોજન યોજનામાં પણ શાળા અનોખી પહેલ માટે જાણીતી છે. શાળા






**વર્ષ ૧૯૦૫માં પાંચમી ડીસેમ્બરે પ્રાથમિક શિક્ષણ માટે શાળાની શરૂઆત કરવામાં આવી હતી**

પરિસરમાં જ વિદ્યાર્થીઓના પૌષ્ટિક ભોજનમાં કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ ટુકડીઓમાં સાથે બેસીને ભોજન કરે છે, જેના કારણે સમૂહભાવના, સમાનતા અને સહકાર જેવા મૂલ્યોનું સહજ રીતે સંવર્ધન થાય છે. આ સફળતાનો શ્રેય શાળાના દુરંદેશી, કાર્યનિષ્ઠ અને વિદ્યાર્થીઓ પ્રત્યે સમર્પિત આચાર્ય તેમજ શિક્ષકગણને જાય છે. તેમની સમયબદ્ધતા, નિષ્ઠા, સર્જનાત્મક આયોજન અને સતત પરિશ્રમના પરિણામે ગાજણાની સરકારી પ્રાથમિક શાળા આજે માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી, પરંતુ સંસ્કાર, સ્વચ્છતા, શિસ્ત અને ગુણવત્તાયુક્ત શિક્ષણનું જીવંત મોડેલ બની અન્ય શાળાઓ માટે પ્રેરણાસ્ત્રોત તરીકે ઉભરી આવી છે.

## જ્ઞાન, મહેનત અને સંસ્કારના બળે દેશ-વિદેશમાં ઉજ્જવળ કારકિર્દી ઘડતા યુવાનો નવી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બન્યા

ગાજણા ગામના વતનીઓએ શિક્ષણ અને કારકિર્દીના ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરી છે. ગામમાંથી શિક્ષકો, તબીબો, ઈજનેરો, સૈનિક , પોલિસ સહિત વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો ઉભા થતાં ગાજણા સમગ્ર પંથક માટે ગૌરવનું કેન્દ્ર બન્યું છે. ગામના વતનીઓએ શિક્ષણને જીવન વિકાસનું સૌથી મોટું સાધન માની સતત પ્રગતિનો માર્ગ પસંદ કર્યો છે. વર્ષોથી ગામમાં પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ માટે મજબૂત શૈક્ષણિક માળખું અને શિક્ષણ પ્રત્યેની જાગૃતિના કારણે અનેક વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરી વિવિધ ક્ષેત્રોમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી છે. અંદાજે ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી જીવનમાં સફળતા હાંસલ કરી છે, જ્યારે છેલ્લી ઉપલબ્ધ માહિતી મુજબ નાનકડા ગામમાં દોઢસોથી વધુ ગ્રેજ્યુએટ વ્યક્તિઓ વસવાટ કરે છે. ગાજણાના યુવાઓએ પી.ટી.સી., ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ટેકનિકલ કોર્સ, તબીબી અભ્યાસ, નર્સિંગ અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સફળતા મેળવી છે. ગામમાંથી અનેક યુવાનો શિક્ષણ પૂર્ણ કરી આજે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે, આ ઉપરાંત ગામના લોકો પોલીસ વિભાગ, પોસ્ટ ઓફિસ, બેંકિંગ ક્ષેત્ર, સહકારી સંસ્થાઓ તથા સરકારી કચેરીઓમાં પણ મહત્વપૂર્ણ ફરજ બજાવી રહ્યા છે. સંરક્ષણ વિભાગમાં પણ ગામના યુવાનો દેશસેવામાં યોગદાન આપી રહ્યા છે, જે સમગ્ર ગામ માટે ગૌરવની બાબત છે. ખાનગી ક્ષેત્રમાં પણ ગામમાં ગામના યુવાનો મેનેજર, સુપરવાઈઝર, વાયરમેન, બસ ડ્રાઈવર અને હેલ્પર તરીકે પોતાની કારકિર્દી સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે. શિક્ષણ, મહેનત અને સંસ્કારના મજબૂત પાયા પર આગળ વધતું ગાજણા ગામ આજે નવી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યું છે. ગામની પ્રતિભાઓ માત્ર પોતાના પરિવારનું નહીં પરંતુ સમગ્ર ગામનું નામ રોશન કરી વિકાસની નવી દિશા દર્શાવી રહી છે.

**ગાજણાના યુવાઓએ પી.ટી.સી., ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ટેકનિકલ કોર્સ, તબીબી અભ્યાસ, નર્સિંગ અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સફળતા મેળવી છે.**

## આગોતરા આયોજન અને લોકપ્રતિનિધિઓની જવાબદારીથી ગામ વિકાસ માર્ગે ધપી રહ્યું છે

ગાજણા ગામ છેલ્લા કેટલાક વર્ષોથી સતત વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. ગામના લોકપ્રતિનિધિઓ આગોતરા આયોજન સાથે સક્રિય રીતે જવાબદારી સંભાળી રહ્યા હોવાથી ગ્રામજનોને જરૂરી પ્રાથમિક સુવિધાઓ સમયસર ઉપલબ્ધ થતી રહી છે. ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામના સર્વાંગી વિકાસ માટે સરકારી યોજનાઓનો પૂરતો લાભ લેવાઈ રહ્યો છે. ગામમાં મોટી આર્થિક સમૃદ્ધિ ન હોવાના કારણે વિકાસ કાર્યો માટે મુખ્યત્વે સરકારી ગ્રાન્ટ પર નિર્ભર રહેવું પડે છે. તેમ છતાં છેલ્લા કેટલાક વર્ષોમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતા અને આયોજનશક્તિના કારણે ગામમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ગામમાં વોટર વર્ક્સ વ્યવસ્થા કાર્યરત હોવાથી પીવાના પાણીની સગવડ ઉપલબ્ધ છે. સાથે સાથે વીજળીની સુવિધા પણ સુચારૂ રીતે મળી રહે છે. ગામની ભાગોળ પાસે વિશાળ ભાગોળ અને ઘટાદાર વૃક્ષોની છાયામાં ગ્રામજનો હળવાશની પળો માણવા માટે નિયમિત રીતે ભેગા થાય છે. જલુંધ ગામમાં લગભગ પાંચસોથી વધુ ઘરો છે. ગામમાં નાનું પરંતુ સુવ્યવસ્થિત બજાર છે, જ્યાં જીવનજરૂરિયાતની લગભગ બધી વસ્તુઓ સરળતાથી મળી રહે છે ગામને સિંચાઈની પૂરતી સુવિધા મળતી હોવાથી ખેડૂતો વર્ષમાં ત્રણ વખત પાક ઉપજાવી શકે છે. આથી ખેતી ગામના મુખ્ય આધારરૂપ વ્યવસાય તરીકે મજબૂત બની છે અને ગ્રામજનોની આવકમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. ગામના વિકાસમાં મહિલાઓની ભૂમિકા પણ ખૂબ જ મહત્વપૂર્ણ બની છે. ગામમાં સખી મંડળો અને સ્વ સહાય જૂથો રચવામાં આવ્યા છે, જેના માધ્યમથી મહિલાઓ દૈનિક આવકમાંથી બચત કરી શકે છે. આ મંડળો દ્વારા મહિલાઓના નાના-મોટા કામો સરળતાથી પૂર્ણ થાય છે. આ સારા ઉદ્દેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ સ્વ સહાય જૂથો સાથે જોડાઈને આર્થિક ઉત્કર્ષ તરફ આગળ વધી રહી છે. ગામ વસ્તીની દ્રષ્ટીએ સામાન્ય હોવા છતાં, ગામના અગ્રણીઓ અને લોકપ્રતિનિધિઓની દિર્ઘદ્રષ્ટિ અને એકતાના કારણે ગાજણા ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સતત પ્રયત્નો થઈ રહ્યા છે. આ રીતે આગોતરા આયોજન, લોકપ્રતિનિધિઓની જવાબદારી અને ગ્રામજનોના સહકારથી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ છે.



### વર્તમાન ગ્રામ પંચાયત ટીમ

જીજ્ઞાબેન રણજીતસિંહ મહિડા સરપંચ, લક્ષ્મણસિંહ મોહનસિંહ મહિડા ઉપસરપંચ, સભ્યો ભગવાનસિંહ મુળજીભાઈ વણકર, દંમયતીબેન અરવિંદ મહીડા, વિજયભાઈ રમણભાઈ મકવાણા, શાંતાબેન નારસિંહ જાદવ, મનીષાબેન જીતેન્દ્રસિંહ મહીડા, પાર્વતીબેન રામસંગ જાદવ, તલાટી કમ મંત્રી મુકેશભાઈ ઠાકોર, વી.સી.ઈ. નટવરસિંહ જાદવ.

### ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ

સરદારસિંહ ફુલસિંહ મહિડા, રાયસિંહ ગુલાબસિંહ જાદવ, નટવરસિંહ સરદારસિંહ મહિડા, વિક્રમસિંહ લક્ષ્મણસિંહ મહિડા, કરણસિંહ રાજેન્દ્રસિંહ મહિડા, સહદેવસિંહ વિક્રમસિંહ મહિડા, ભીખાભાઇ રામાભાઇ મકવાણા,

## દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગાજણા ગામના પશુપાલકોના જીવનમાં આશીર્વાદ સમાન છે

ગાજણા ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે, પરંતુ ખેતીની સાથે સાથે પશુપાલનને પણ મહત્વપૂર્ણ પૂરક વ્યવસાય તરીકે અપનાવવામાં આવ્યો છે. ગાય અને ભેંસ જેવા દુધાળા પ્રાણીઓનું પાલન કરીને કમાણી માટે દૂધ ઉત્પાદન કરવામાં આવે છે. ઘણા બધા પરિવારો ગાય-ભેંસનો ઉછેર પાલન પોષણ કરે છે. નિયમિત સંભાળ અને મહેનતના પરિણામે ગુણવત્તાયુક્ત દૂધનું ઉત્પાદન થાય છે. આ દૂધ ગામલોકો સહકારી ભાવનાથી એકત્ર થઈ સહકારી દૂધ ઉત્પાદક મંડળીમાં દૂધ જમા કરાવે છે.

ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગામના તમામ પશુપાલકો માટે વિશ્વાસપાત્ર સંસ્થા બની છે. અહીં સવાર અને સાંજ એમ બે વખત દૂધ એકત્ર કરવામાં આવે છે. એકત્ર થયેલું દૂધ પછી જિલ્લાની પ્રખ્યાત અમૂલ ડેરીમાં જમા કરાવવામાં આવે છે. આ વ્યવસ્થાથી પશુપાલકોને યોગ્ય ભાવ મળે છે. જેથી નિયમિત આવક મેળવી રહ્યા છે. પશુપાલન દ્વારા મળતી આવકથી ગામલોકો પોતાનો જીવનનિર્વાહ સરળતાથી કરી શકે છે. સાથે સાથે લગ્ન, તહેવાર, ધાર્મિક કાર્યક્રમો જેવા સામાજિક પ્રસંગો પણ આ આવકના આધાર પર સુચારૂ રીતે સંપન્ન થાય છે. ગાજણા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગામના આર્થિક સ્થિરતાનું મહત્વનું સાધન બની છે. સહકારી દૂધ ઉત્પાદક મંડળી માત્ર દૂધ એકત્ર કરવાની જગ્યા નથી, પરંતુ ગામની એકતા, સહકાર અને આત્મનિર્ભરતાનું પ્રતીક પણ છે. ગામની સહકારી દૂધ મંડળી ગામલોકોના જીવનમાં આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. દુધ મંડળીના ચેરમેન તરીકે હાલમાં નટવરસિંહ



મહીડા, અને વાઈસ ચેરમેન તરીકે સહદેવસિંહ એમ. મહીડા જવાબદારી સંભાળે છે. જ્યારે સભ્યો તરીકે કનકસિંહ મહીડા, અશોકભાઈ મહીડા, રાજેન્દ્રસિંહ મહીડા, નરેન્દ્રસિંહ મહીડા, દાનવીરસિંહ મહીડા, અજયકુમાર મહીડા, વિક્રમસિંહ મકવાણા, ભગવાનસિંહ પઢીયાર અને રમેશભાઈ જાદવ સભ્ય તરીકે નિયુક્ત છે.